# ત્રણ માછલીઓ

વાર્તા રે વાર્તા- લેખક વિષ્ણુ પ્રભાકર
અનુવાદક- દિગંબર સ્વાદિયા

એક બહુ જ સુંદર વન હતું. તેમાં એવું જ સુંદર એક તળાવ હતું. એ તળાવમાં ત્રણ માછલીઓ રહેતી હતી. ત્રણેયનો સ્વભાવ અલગ-અલગ હતો. પહેલી માછલી સામે કોઈ જાતની મુશ્કેલી આવતી તો એ તુરત એમાંથી માર્ગ કાઢતી. બીજા કોઈને આધારે એ ન રહેતી. પોતાનો માર્ગ જાતે જ શોધી લેતી.

બીજી માછલી પણ હોશિયાર હતી, પણ તુરત જ કંઈ પગલું ભરવામાં એ માનતી નહોતી. એ વિચારતી હતી કે, જ્યારે જેવો સમય આવશે ત્યારે થઈ રહેશે. અત્યારથી એ બધી નાહકની ચિંતા શા માટે કરવી?

ત્રીજી તો કંઈ વિચારતી જ નહિ. એ તો માનતી કે ભગવાનની મરજી હશે એમ જ થશે.

એકદિવસ તેઓએ કેટલાક માછીમારોને વાત કરતાં સાંભળ્યા. તેઓ કહેતા હતા, "આ તળાવમાં બહુ સરસ માછલીઓ છે. એને પકડવી જોઈએ."



પહેલી માછલી તો એ સાંભળતાં વેંત પાણીનાં વહેણમાં બીજાં તળાવમાં ચાલી ગઈ.
બીજી માછલીએ પણ માછીમારોની વાત તો સાંભળી તેણે વિચાર્યું, "એ લોકોને આવવા તો દો...... પછી જોયું જશે. પડશે એવા દેવાશે."
ત્રીજી માછલીએ પણ આ વાત સાંભળી પણ તેનાં પેટનું પાણી ય ન હાલ્યું. તેને કોઈ જાતની ચિંતા ન હોતી. જે થવાનું છે એ તો થશે જ; એને કોણ ટાળી શકવાનું હતું?
બન્યું પણ એમ જ. માછીમારો બીજે દિવસે પોતાની જાળ લઈને આવી પહોંચ્યા. પહેલી માછલી તો બીજાં તળાવમાં પહોંચી ગઈ હતી. બીજી તો જાળને જોતાં જ તે મરી ગઈ હોય એ રીતે સૂઈ ગઈ. માછીમારોને તેને ખરેખર મરેલી સમજીને ફેંકી દીધી એટલે એ તુરત જ છલાંગ લગાવીને વહેતાં પાણીના પ્રવાહમાં તરીને બીજાં તળાવમાં પહોંચી ગઈ.
ત્રીજી માછલીએ તો કાંઈ વિચાર્યું જ ન હોતું, એટલે એ બિચારી માછીમારોની જાળમાં ફસાઈ ગઈ અને તરફડી-તરફડીને મરી ગઈ.